ગાંધીનગર સમાચાર

## ઊંચું મતદાન થયા બાદ તમામ રાજકીય પક્ષોમાં ઉત્તેજના

# ગુજરાતમાં આગામી પાંચ વર્ષ કોની સરકાર રહેશે તેનો આજે ફેંસલો

### ૧૮૨ સીટ પર મોદી સહિતના ૧૬૬૬ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો : મોદી ત્રીજી વખત જીતી હેટ્રીક નોંધાવશે કે કેમ તેને લઈને લોકોમાં ભારે ચર્ચા





અમદાવાદ, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે બે તબક્કામાં મતદાન યોજાયા બાદ આવતીકાલે પરિણામો જાહેર કરવામાં આવનાર છે. પરિણામોને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. આવતીકાલે સવારે મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે અને સાંજે ચાર વાગ્યા સુધી ગુજરાત વિધાનસભાનું ચિત્ર સ્પષ્ટ થઈ જાય તેવી શક્યતા છે. ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી તથા અન્ય તમામ રાજકીય પક્ષો પરિણામોને લઈને ભારે ઉત્સુક બનેલા છે. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કામાં ખૂબ ઊંચું મતદાન થતાં ઉત્તેજના વધી ગઈ છે.

આ ઊંચુ મતદાન કોની તરફેણમાં થયું છે તેને લઈને કોઈને પણ હજુ ખબર નથી. ભાજપ અને કોંગ્રેસ બંને ઊંચા મતદાનને લઈને પોતપોતાની જીતનો દાવો કરી રહ્યા છે. પરંતુ વાસ્તવિક ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત જીત મેળવીને હેટ્રીક કરી શકે છે કે કેમ તેને લઈને સૌથી વધુ ચર્ચા જોવા મળી રહી છે. બીજી બાજુ કોંગ્રેસ શાસન વિરોધી પરિબળના મોજાના આધાર ઉપર તેની જીત થશે તેવા દાવા કરી રહી છે. પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકા અને બીજા તબક્કામાં ૭૦ ટકાથી વધુ મતદાન થયા બાદ ગુજરાતના ઇતિહાસમાં ઊંચી મતદાન ટકાવારીનો નવો રેકોર્ડ સર્જાયો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત ૧૬૬૬ ઉમેદવારોના ભાવિનો આવતીકાલે ફેંસલો થશે. આ ઉપરાંત કુલ ઉમેદવારોમાં ૯૫ મહિલા ઉમેદવારોના ભાવિનો પણ ફેંસલો થનાર છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૪૬ મહિલા ઉમેદવાર સહિત ૮૪૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા જ્યારે બીજા તબક્કામાં ૪૯ મહિલા ઉમેદવાર સહિત ૮૨૦ ઉમેદવાર મેદાનમાં હતા. ગુજરાતમાં કુલ ત્રણ કરોડથી પણ વધુ મતદારો પૈકીના ૭૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ આ વખતની ચૂંટણીમાં કર્યો હતો.

હાલમાં તમામના ભાવિ ઇવીએમમાં સીલ છે. આવતીકાલે સવારે ગણતરીનો દોર શરૂ થશે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણી યોજાઈ હતી. બીજા તબક્કામાં શહેરી વિસ્તારોમાં મુખ્ય રીતે ચૂંટણી યોજાઈ હતી. ૧૬ પ્રધાનોના ભાવિ પણ સીલ થયેલા છે. તમામ રાજકીય પક્ષોએ આ વખતે ચૂંટણી મેદાનમાં તેમના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

# એક્ઝિટ પોલ સાચા રહેશે કે કેમ તે આજે સ્પષ્ટ થઈ જશે

### મોટાભાગના એક્ઝીટ પોલમાં હાલ ભાજપને ગુજરાતમાં શાનદાર જીત મળી રહી છે : કોંગ્રેસની હાર થઈ રહી છે

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે ગુરુવારે જાહેર કરવામાં આવનાર છે ત્યારે પહેલાથી જ એક્ઝીટ પોલ જારી કરવામાં આવી ચૂક્યા છે. ચૂંટણી બાદ એક્ઝીટ પોલ પર લાદવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધા બાદ મોટાભાગના ટીવી ચેનલોએ એક્ઝીટ પોલના તારણો પ્રકાશિત કર્યા હતા જેમાં ભાજપને શાનદાર જીત મળી રહી છે. જો એક્ઝીટ પોલના તારણો મુજબ જ પરિણામ આવશે તો ભાજપ શાનદાર જીત મેળવશે. જો કે એક્ઝીટ પોલના પરિણામ કેટલા સાચા સાબિત થાય છે તે બાબત પણ આવતીકાલે સ્પષ્ટ થશે.

ભૂતકાળમાં ચૂંટણીના ઈતિહાસમાં અનેક વખત એક્ઝીટ પોલના પરિણામ ખોટા પણ સાબિત થયા છે પરંતુ એક્ઝીટ પોલ મોટાભાગે હજુ સુધી ભાજપને લીડ અપાવી રહ્યા છે. સરેરાશ ભાજપને શાનદાર જીત મળી રહી છે. સટોડિયાઓ પણ ભાજપ ઉપર જ જીત માટેનો દાવ લગાવી રહ્યા છે. આજ તકના ચૂંટણી બાદના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે સૌરાષ્ટ્રમાં ૪૮ બેઠકો પૈકી અન્ય પાર્ટીના ખાતામાં ૧-૨ બેઠક જશે. સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને ૮-૯ અને ભાજપને ૩૬-૩૮ બેઠક મળી શકે છે. સૌરાષ્ટ્ર ઉપરાંત અન્ય ગુજરાતના વિસ્તારોમાં પણ કેશુભાઈ પટેલ અને અન્ય અસંતુષ્ટ પરિબળોની કોઈ અસર દેખાઈ રહી નથી. ચૂંટણી પરિણામો એક્ઝીટ પોલ મુજબ આવે છે કે કેમ તે બાબત ઉપર તમામની નજર રહી છે. ગુજરાતમાં ચૂંટણી બાદ આજતક ઓઆરજી, એબીપી ન્યૂઝ, ટાઈમ્સ નાઉ માટે સી વોટર અને ન્યૂઝ ૨૪ ચાણક્યા દ્વારા એક્ઝીટ પોલના પરિણામો આપવામાં આવ્યા હતા.

# અમદાવાદ શહેર-જિલ્લાની સીટની મતગણતરી ૩ સ્થળે

અમદાવાદ, તા. ૧૯

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૨નું મતદાન તા. ૧૩.૧૨.૧૨ અને તા. ૧૭.૧૨.૧૨ના રોજ એમ બે તબક્કામાં યોજાયું હતું. આજરોજ તા. ૨૦.૧૨.૧૨ના રોજ અમદાવાદ શહેર અને જિલ્લાની કુલ ૨૧ બેઠકોની મતગણતરી ત્રણ સ્થળેથી સવારે ૮.૦૦ કલાકથી મતગણતરીની કામગીરી શરૂ કરવામાં આવશે. જેમાં ગુજરાત કોલેજ ખાતે ૮ મત વિભાગની ગણતરી કરવામાં આવશે. જેમાં પાંચ ગ્રામ્ય અને ત્રણ શહેર મતવિભાગની મતગણતરી કરવામાં આવશે. તે જ રીતે પોલીટેકનીક કોલેજ ખાતે છ મત વિભાગની મતગણતરી કરવામાં આવશે તથા એલડી એન્જિનિયરીંગ કોલેજ ખાતે સાત વિભાગની મતગણતરી કરવામાં આવશે. મતગણતરીની તમામ કામગીરી માટે અંદાજે ૨૫૦૦થી વધુ કર્મચારીઓ-અધિકારીઓ રહેશે તેમજ દરેક મતગણતરી ટેબલ પર માઈક્રો ઓબ્ઝર્વર અને બેઠક દીઠ એક ઓબ્ઝર્વર રહેશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મતગણતરી માટે નીચે મુજબ સ્થળે બેઠકો પ્રમાણે મતગણતરી થશે.

### ક્યાં ક્યાં મતગણતરી...

| ગવર્મેન્ટ પોલીટેકનીક | ગુજરાત કોલેજ | એલડી એન્જિ. |
|---|---|---|
| મણિનગર | દસક્રોઈ | ઘાટલોડીયા |
| નિકોલ | ધોળકા | વેજલપુર |
| નરોડા | ધંધુકા | દરિયાપુર |
| ઠક્કરબાપાનગર | વિરમગામ | જમાલપુર-ખાડિયા |
| વટવા | સાણંદ | નારણપુરા |
| દાણીલીમડા | અમરાઈવાડી | બાપુનગર |
| | એલીસબ્રીજ | અસારવા |
| | સાબરમતી | |

ગુજરાતમાં અપક્ષોનો ફ્લોપ શોનો ઈતિહાસ

# અપક્ષો ક્યારે મોટી સફળતા ચૂંટણીમાં મેળવી શક્યા નથી

અમદાવાદ,તા.૧૯

ગુજરાતની રચના કરવામાં આવ્યા બાદથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઈતિહાસમાં જ્યારે પણ ચૂંટણી યોજાઈ છે ત્યારે અપક્ષોની કોઈ મોટી ભૂમિકા રહી નથી. ગુજરાતમાં હમેશા બે પક્ષો વચ્ચે જ સીધી સ્પર્ધા રહી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હમેશા સીધી સ્પર્ધા જોવા મળી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઈતિહાસમાં અપક્ષ ઉમેદવારોએ મોટાભાગે મોટી નિષ્ફળતાનો સામનો કર્યો છે. વર્ષ ૨૦૦૨માં ૩૪૪ અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા જેની સામે માત્ર બે જ ઉમેદવારો જ વિજેતા બન્યા હતા. જ્યારે વર્ષ ૨૦૦૭માં ૪૮૦ અપક્ષ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા હતા જેની સામે બે જ ઉમેદવાર વિજેતા બન્યા હતા. આ વખતે અપક્ષ ઉમેદવાર મોટી સંખ્યામાં મેદાનમાં છે. આ ઉમેદવારો જીતવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તેમની સ્થિતિ શું રહેશે તે આવતીકાલે જાણી શકાશે. અપક્ષ ઉમેદવારોએ સૌથી મોટી સફળતા ૧૯૯૫માં મેળવી હતી. એ વખતે તેમના ૧૬ ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે ૧૯૭૫માં પણ ૧૬ ઉમેદવાર ચૂંટાયા હતા. અપક્ષોનું ચિત્ર ગુજરાતની રચના બાદ નીચે મુજબ રહ્યું છે.

| વર્ષ | અપક્ષ ઉમેદવારો | વિજેતા |
|---|---|---|
| ૧૯૬૨ | ૧૩૧ | ૦૭ |
| ૧૯૬૭ | ૨૨૭ | ૦૫ |
| ૧૯૭૨ | ૩૩૭ | ૦૮ |
| ૧૯૭૫ | ૩૬૬ | ૧૬ |
| ૧૯૮૦ | ૪૩૬ | ૧૦ |
| ૧૯૮૫ | ૫૧૫ | ૦૮ |
| ૧૯૯૦ | ૯૮૦ | ૧૧ |
| ૧૯૯૫ | ૧૬૧૭ | ૧૬ |
| ૧૯૯૮ | ૪૧૫ | ૦૩ |
| ૨૦૦૨ | ૩૪૪ | ૦૨ |
| ૨૦૦૭ | ૪૮૦ | ૦૨ |

# અમદાવાદમાં સિંગતેલનો ડબ્બો ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો

અમદાવાદ, તા. ૧૯

અમદાવાદ તેલ બજારમાં સિંગતેલની આગેકૂચ બુધવારે પણ યથાવત રહેતા સિંગતેલમાં ડબ્બાએ અમદાવાદ માર્કેટમાં પોતાની ઓલટાઈમ હાઈસપાટી મેળવી લીધી છે. અમદાવાદ તેલ બજારમાં બુધવારે સિંગતેલમાં જુનો ડબ્બો રૂપિયા ૩૦ના વધારા સાથે રૂપિયા ૨૧૮૦ થી ૩૨૧૦ની ઓલટાઈમ હાઈ સપાટી ઉપર બંધ રહ્યો હતો. જે મંગળવારે રૂપિયા ૨૧૪૦થી ૨૧૮૦ની ઉપર સ્થિર હતો. જ્યારે સિંગતેલનો નવો ડબ્બો રૂપિયા ૭૫ના ઉછાળા સાથે રૂપિયા ૨૨૮૦થી ૨૩૨૫ની સપાટી ઉપર બંધ રહ્યો હતો.

૨૦૦૭માં ભાજપે આઠ પૈકી પાંચ બેઠક જીતી

# રાજ્યમાં ધાર્મિક બેઠકો પર કઈ પાર્ટીનો કેવો દેખાવ

### ચોટિલા, દ્વારકા, સોમનાથ, ડાકોર, અંબાજી, પાવાગઢ, પાલિતાણા, ગિરનારની ધાર્મિક સીટ ઉપર નજર કેન્દ્રીત

અમદાવાદ,તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે ૨૦મી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવનાર છે ત્યારે ગુજરાતના ધાર્મિક વિસ્તારોમાં આવેલી બેઠકો ઉપર પણ તમામની નજર રહેશે. વર્ષ ૧૯૯૦ બાદથી ભાજપે ૨૦૦૭માં જ મંદિર શહેરોમાં આવેલી આઠ બેઠકો પૈકી પાંચ બેઠકો જીતીને શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. એકંદરે મંદિર શહેરોમાં પ્રભુત્વ કોઈ એક પાર્ટીનું રહ્યું નથી. વર્ષ ૨૦૦૭માં ભાજપે દ્વારકા, સોમનાથ, પાવાગઢ, પાલીતાણા અને ગિરનારની બેઠક જીતી હતી જ્યારે કોંગ્રેસે ચોટિલા, ડાકોર, અંબાજીમાં જીત મેળવી હતી. આ વખતે આ ધાર્મિક બેઠકો ઉપર કોનું વર્ચસ્વ રહે છે તે બાબત પણ મહત્વપૂર્ણ રહેશે. મંદિર શહેરોમાં મોટાભાગે હિંદુત્વનું મોજું રહ્યું નથી. ધર્મ ઉપર કોઈ મામલો આધારિત નથી. હજુ સુધીના પ્રવાહ દર્શાવે છે કે જીતવા માટેની ફોર્મુલા ઉમેદવારની લોકપ્રિયતા ઉપર આધારિત હોય છે. અહીં ૧૯૯૮ બાદથી ભાજપ, કોંગ્રેસ અને અપક્ષોનો દેખાવ નીચે મુજબ છે.

| મંદિર શહેર | બેઠક | ૨૦૦૭ | ૨૦૦૨ | ૧૯૯૮ |
|---|---|---|---|---|
| ચોટીલા | ચોટીલા | કોંગ્રેસ | અપક્ષ | કોંગ્રેસ |
| દ્વારકા | દ્વારકા | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ |
| સોમનાથ | સોમનાથ | ભાજપ | કોંગ્રેસ | ભાજપ |
| ડાકોર | ચકાસી | કોંગ્રેસ | કોંગ્રેસ | કોંગ્રેસ |
| અંબાજી | દાતા | કોંગ્રેસ | કોંગ્રેસ | કોંગ્રેસ |
| પાવાગઢ | હાલોલ | ભાજપ | ભાજપ | કોંગ્રેસ |
| પાલીતાણા | પાલીતાણા | ભાજપ | ભાજપ | ભાજપ |
| ગિરનાર | જૂનાગઢ | ભાજપ | ભાજપ | ભાજપ |



નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરી વાર સરકાર બને તેના હેતુથી વસ્ત્રાલ ખાતેના વિનાયક પાર્કમાં હવનનું આયોજન કરવામાં આવ્યું હતુ આ ઉપરાંત ભદ્રમંદિરમાં પણમહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

## નિરામય (પાના નં. ૨ નું ચાલુ)

પંચકર્મ ચિકિત્સા પુરી થયા બાદ રોગીને અમુક પ્રકારના આહારવિહાર (કે જેને સંસર્જન ક્રમ કહે છે) અમુક પ્રકારની શમન ચિકિત્સા તથા અમુક પ્રકારની રસાયન બલ વર્ધન ચિકિત્સા વડે ક્રમશઃ દૈનિક ક્રિયાઓ તરફ વાળવામાં આવે છે. પંચકર્મ પછી કરવામાં આવતી આ ક્રિયાઓને પશ્ચાદ્ કર્મ કહે છે. પશ્ચાદકર્મ પણ એટલું જ જરૂરી છે.

પંચકર્મ કરાવ્યા પછી તુરત રોગી પોતાની દૈનિક ક્રિયાઓ અને દૈનિક આહાર આચરવા લાગે તો તેના ઘણા ગંભીર પરિણામો આવી શકે. આથી યોગ્ય સંસર્જન પંચકર્મ કરાવ્યા પછી તુરત જ રોગી પોતાની દૈનિક ક્રિયાઓ અને દૈનિક આહાર આચરવા લાગે તો તેના ઘણા ગંભીર પરિણામો આવી શકે. આથી યોગ સંસર્જન ક્રમ અનુસાર જ દર્દીને દૈનિક જીવન તરફ વાળવામાં આવે છે.

પંચકર્મ એ ઘણી જટિલ ચિકિત્સા છે. (લેખમાં તો ફક્ત પ્રાથમિક પરિચય આપવાનો પ્રયાસ કરેલ છે) દરેક રોગ, દરેક રોગી તથા તેના બલ, ઋતુ, કાલ આદિ અનેક પાસાઓનો ખ્યાલ રાખી સાવધાની પૂર્વક આ ચિકિત્સા કરવાની હોય છે. ચિકિત્સકની બેદરકારીને કારણે ઘણી વખત માઠા પરિણામો પણ જોવા મળે છે. આથી ચિકિત્સકની તેમજ પરિચારકોની સાવધાની ખુબ જરૂરી છે. વળી, દર્દી પણ ખુબ સંયમીત તેમજ ચિકિત્સકની સલાહને અનુસરનારો હોવો જરૂરી છે. (આ જટીલતાને કારણે જ સાંપ્રત સમયે ઘણા ખરા ચિકિત્સકો ફક્ત શમન ચિકિત્સાને અનુસરે છે.)

આમ, આયુર્વેદની આ ખૂબ અસરકારક અને વિશિષ્ટ એવી પંચકર્મ ચિકિત્સા (કે જે હવે વર્લ્ડ ફેમસ છે... થેન્કસ્ ટુ કેરાલા) લગભગ દરેક પ્રકારના જીર્ણ વ્યાધિઓમાં ખુબ કારગત નીવડે છે. ઘણા ખરાં કેસમાં જયારે આધુનિક તબીબી શાસ્ત્રએ હાથ ઊંચા કરી દીધેલ હોય ત્યારે પંચકર્મ વડે દર્દી સંપૂર્ણ સ્વસ્થ થયેલ છે.

## ગાંધીનગરમાં મતગણતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠક માટે ૪૩ ઉમેદવારો મેદાનમાં છે. જો કે પાંચેય બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે તીવ્ર સ્પર્ધા રહેશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

જિલ્લામાં થયેલ ભારે મતદાનને લઈ રાજકીય આગેવાનો હજુ પૂર્ણ વિશ્વાસ સાથે દાવો કરતા નથી. જો કે બંને પક્ષના આગેવાનો તેમના પક્ષના ઉમેદવારોના વિજયનો વિશ્વાસ વ્યકત કરી રહ્યા છે.

જિલ્લામાં ત્રણ બેઠકો દહેગામ-માણસા અને ગાંધીનગર (દ) પર સાત સાત ઉમેદવારો ગાંધીનગર (ઉ)ની બેઠક પર ૮ અને કલોલની બેઠક પર ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. જિલ્લામાં બપોરના એક વાગ્યા સુધીમાં બધા પરિણામ મળી જશે તેવો તંત્રને વિશ્વાસ છે.

મત ગણતરીની કામગીરી માટે ૫૦૦ કર્મચારીઓની નિમણુંકોના હુકમો કરી દેવામાં આવ્યા છે. આ મતગણતરીમાં માઈક્રો ઓબ્ઝર્વરની પણ નિમણુંકો કરવામાં આવી છે.

## કોના ભાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત બે પૂર્વ મુખ્યમંત્રી જી.પી.પી.ના પ્રદેશ અધ્યક્ષ કેશુભાઈ પટેલ, કોંગ્રેસના વરીષ્ઠ આગેવાન શંકરસિંહ વાઘેલા,ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અર્જુનભાઈ મોઢવાડીયા અને વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહીલ સહીતના દિગ્ગજ નેતાઓના ભાવી મતદારોએ ઈ.વી.એમ.માં સીલ કર્યા હતા.

આવતીકાલે મતગણતરી હાથ ધરાનારી છે ત્યારે આ દિગ્ગજ નેતાઓમાંથી કોના શીર પર વિજયનો તાજ મતદારો પહેરાવશે અને કોણ પરાજય થશે.

દિગ્ગજ નેતાઓના ભાવી મતદારોએ ઈ.વી.એમ.માં સીલ કર્યા હતા. તેમાંથી આજે કયા દિગ્ગજ નેતાઓના ભાવી ખીલીને નીકળશે તે પરીણામ બાદ ખ્યાલ આવશે.

# સોનામાં ૬૨૫, ચાંદીમાં ૧૨૦૦ રૂપિયાનો થયેલો નોંધપાત્ર ઘટાડો

અમદાવાદ, તા. ૧૯

શેરબજારમાં સતત જોવા મળી રહેલ સુધારો અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સોના-ચાંદીની પીછેહઠના કારણે લાંબા સમયથી મિશ્ર કારોબાર કરી રહેલ અમદાવાદ સોના-ચાંદી બજાર બુધવારે ઊંધા માથે પટકાયું હતું. બુધવારે અમદાવાદ સોના-ચાંદી માર્કેટમાં મોટા પ્રમાણમાં વેચવાલીનો માહોલ જોવા મળ્યો છે. સૌ પ્રથમ સોનાની વાત કરીએ તો મંગળવારની મજબૂતાઈ બાદ બુધવારે સોનામાં જંગી લેવાલી જોવા મળી હતી. દિવસભર સોનામાં નકારાત્મક કારોબારનાં કારણે દિવસનાં અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવમાં રૂપિયા ૬૨૫ના જંગી કડાકા સાથે રૂપિયા ૩૧૦૨૫ થી ૩૧૦૭૫ રૂપિયાની છેલ્લા ત્રણ મહિનાની સૌથી નીચી સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે મંગળવારે રૂપિયા ૩૧૬૦૦ થી ૩૧૭૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે મંગળવારે ફલેટ કારોબાર કરનાર ચાંદીમાં બુધવારે અમદાવાદ માર્કેટમાં લેવાલીનો માહોલ જોવા મળતા રોકાણકારોમાં સન્નાટો વ્યાપી ગયો હતો. દિવસભર ચાંદીમાં નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. જેનાં કારણે દિવસના અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિ કિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૧૨૦૦ના જંગી ઘટાડા સાથે રૂપિયા ૫૮૮૦૦ થી ૫૯૧૦૦ ની સપાટી ૫૩ દિવસની સૌથી નીચી સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે મંગળવારે રૂપિયા ૬૦૨૦૦ થી ૬૦૩૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે સોના-ચાંદીનાં પગલે અમદાવાદ માર્કેટમાં બુધવારે રૂપામાં પણ નકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. જેનાં કારણે દિવસના અંતે પ્રતિ કિલોગ્રામ રૂપાના ભાવ રૂપિયા ૧૪૦૦નાં જંગી કડાકા સાથે રૂપિયા ૫૮૫૦૦ થી ૫૮૮૦૦ની નીચી સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે મંગળવારે રૂપિયા ૬૦૦૦૦ થી ૬૦૨૦૦ની સપાટી ઉપર સ્થિર હતા.

## સખીને પત્ર (પાના નં. ૨ નું ચાલુ)

ઉપનિષદમાં પેલા ઋષિની વાર્તામાં થાય છે તેમ પ્રાણ બચાવવા ફાંફાં મારતા ઉંદરને ઋષિ બિલાડી, બિલાડામાંથી કૂતરો ને કૂતરામાંતી વાઘ બનાવી દે છે. વાઘ બનેલો ઉંદર છેવટે ઋષિને જ ખાઇ જવા આવે છે અને ગુસ્સે થયેલાં ઋષિ તેને પાછો ઉંદર બનાવી દે છે આપણો વ્યવહાર પણ સમયોચિત અને વ્યક્તિની પાત્રતા અનુસાર હોવો જોઈએ. ઋષિને મળી તેવી સમયસૂચક બુધ્ધિ આપણને ન પણ સૂઝે. માટે વ્યવહારના મામલે બુધ્ધિથી વિતારવું હૃદયથી નહિ. 'સખાવત લાખની પણ વ્યવહાર કોડિનો.'

**દશમું પગથિયું : ડર નિવારણ**

ઘણી વખત આપણે કાલ્પનિક ભયથી પીડાતા હોઈએ છીએ. જેથી બાજી શરૂ થતાં પહેલાં જ હાર માની લઈએ છીસે. થોમસ આલ્વા એડિસને ત્રણસો વખત નિષ્ફળ ગયા પછી ત્રણસો એકમી વખત બલ્બ બનાવવામાં સફળ થયા. કોઈએ પૂછ્યું કે આટલી વખત નિષ્ફળતા મળી ત્યારે કેવું લાગ્યું? એડિસને જવાબ આપ્યો કે 'હું નિષ્ફળ કયાં થયો છું. મેં તો એવું સાબિત કર્યું કે બલ્બ બનાવવાના ત્રણસો રસ્તા ખોટા હતા, ત્રણસો એકમી રીત સાચી રીત હતી.' નિષ્ફળતાના ભયના પાયામાં અનુભવ અને આત્મવિશ્વાસનો અભાવ રહેલો છે. સતત ડરતા રહી કરેલા પ્રયત્નો આપણાં કાર્યને ત્રુટીયુક્ત બનાવે છે. સફળ લોકો કોઈ શિવજીનું વરદાન મેળવીને નથી આવતાં. હા! તેમને નિષ્ફળતા શ્રાપનો ભય હોતો નથી. તેઓ નીડરતાથી પોતાના લક્ષ્ય સુધી પહોંચતા હોય છે. એક વાત યાદ રાખવી સાચુકલા ભયનો સામનો કરી શકાય! કાલ્પનિક ભયનો કોઈ જ ઉપાય કે મારણ નથી. તેને તો દૃઢ નિશ્ચયથી જાકારો દેવો જ રહ્યો.

આ દસ પગથિયાં ચડ્યા પછી આભને આંબી જવાશે એવું જરૂરી નથી. પરંતુ સફળતા મેળવવામાં આ દસ પગથિયાં મદદરૂપ જરૂર થશે. સાથે-સાથે એકવાત એ પણ યાદ રાખવાની છે. 'કભી કિસી કો મુકમ્મલ જહાં નહિ મિલતા' ઝંપલાવ્યું એટલે સફળતા મળવી જ જોઈએ એવો હઠાગ્રહ પણ ન રાખવો એક ક્ષેત્રે નિષ્ફળ જનાર બીજા ક્ષેત્રમાં સફળતાની સર્વોચ્ચ ટોચ પર પહોંચી શકે છે. અંતે પ્રયત્નો જ મહાન છે. કેમ ખરૂં ને?

- તારી સ્વાતિ